
# ઋષિ વાત્સાયન અને સ્ત્રી-પુરુષનાં જોડાં

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

આપણા દેશમાં એક યુવક અને યુવતીના લગ્ન કેવી રીતે થાય છે? એક પુરુષ પોતાના માટેની સ્ત્રી કેવી રીતે નક્કી કરે છે? અથવા સ્ત્રી પોતાના માટે પુરુષ કેવી રીતે નક્કી કરે છે? સીધી વાત છે કે મોટાભાગે એ કામ એમના વડીલો કરે છે. યુવાન અને યુવતીનાં મા-બાપ કે વડીલોની પરસ્પર સહમતિ સધાય તે પછી એ બંને યુવક અને યુવતી પરણે છે. જેમાં કુંડળી, ચહેરો, ચામડીનો રંગ, જ્ઞાતિ, આર્થિક સ્થિતિ અને ભણતર મુખ્ય ભાગ ભજવે છે. આજના સમયમાં એવું ભાગ્યે જ બને છે કે કોઈ યુવકે એનાથી ઓછી દેખાવડી યુવતી સાથે લગ્ન કર્યા હોય, એવું પણ ભાગ્યે જ બને છે કે કોઈ યુવતીએ એનાથી ઓછું ભણેલા યુવકને જીવનસાથી તરીકે પસંદ કર્યો હોય. લગ્ન નક્કી કરતાં પહેલા વડીલો, ગોત્ર, કુંડળી, રૂપ અને ખાસ તો આર્થિક સ્થિતિ તપાસે છે. અહીં મોટાભાગે વરનો હાથ ઉપર રહે છે. સરકારી નોકરી મહત્ત્વનો ભાગ ભજવે છે. બધું જોયા પછી, લગ્ન થાય તે છતાં એમના લગ્નજીવનમાં તિરાડો અને તાણ સર્જાય છે. આવું શા માટે થતું હશે? અમુક કિસ્સામાં પ્રેમલગ્ન પણ તૂટી જાય છે. પરસ્પર એકબીજાને જોયા, નિરખ્યા પછી લગ્ન થયાં હોય તે છતાં તૂટી જાય છે. આનાં કારણો શું છે? એના માટે સામાજિક ચિંતકો જાત જાતનાં કારણો આપે છે. તે છતાં આજીવન કોઈ પાત્ર ગમી ગયું હોય, એના વગર રહી ન શકાતું હોય એવું ઓછું બને છે. કોઈ પોતાના પાત્ર માટે કાયમ ફરિયાદો કર્યા કરે છે કે કોઈ બળવો કરીને છૂટા પડી જાય છે. મૂળ પ્રશ્ન ત્યાં જ ઊભો રહે છે કે આવું થાય છે શા માટે? ક્યાં અતૃપ્તિ રહી જાય છે? પોતાના પાત્રમાંથી મેળવવાનું શું હોય છે? જો કે ભારતની લગ્નવ્યવસ્થા બહુ જ મજબૂત છે છતાં ભીતરની અપેક્ષાઓને તૃપ્ત કરતી નથી.




આપણા ગ્રંથોમાં પુરુષોનાં શશ, વૃષ અને અશ્વ તથા સ્ત્રીઓના પદ્મિની, ચિત્રીણી અને હસ્તીની અને શંખિની જેવા પ્રકાર નક્કી કરેલા છે. સદીઓ પહેલાં આપણા જ દેશમાં થઈ ગયેલા ઋષિ વાત્સાયને સ્ત્રીપુરુષના સ્વભાવ પ્રમાણે તેના પ્રકાર પાડેલા છે. તેમના અજરઅમર ગ્રંથ ‘કામસૂત્ર’માં સ્ત્રી અને પુરુષના આવાંપ્રકાર દર્શાવેલા છે. આવા પ્રકાર વાત્સાયને શા માટે પાડ્યાં હશે? ખરેખર એ સ્ત્રી-પુરુષની શારીરિક, માનસિક અને જાતીયતાનાં જોડાં છે. વાત્સાયન ઋષિ પોતાના અદભુત ગ્રંથ ‘કામસૂત્ર’ દ્વારા જગતને આપણે જેને છાનું રાખીએ છીએ તે કામની દુનિયા સમજાવી ગયા છે. જે સચોટ છે, વૈજ્ઞાનિક છે અને ચિરંજીવી છે. આજના સમયના આધુનિક સાઈકિયાટ્રીસ્ટો કે સેક્સોલોજીસ્ટો પણ કામસૂત્રમાં વર્ણવેલી બાબતોને પડકારી કે અવગણી શક્યા નથી એ એક આશ્ચર્યની બાબત છે. એટલું જ નહીં, તેમના ધંધાદારી ગુરુ જ ઋષિ વાત્સાયન છે. આ બાબત પણ એક ભારતીય માટે ગૌરવભરી છે.

ભલે આજે લગ્નો નક્કી કરતી વખતે કામસૂત્રને જોવાતું ન હોય પણ ઋષિ વાત્સાયને સ્ત્રી-પુરુષના મનોશારીરિક લક્ષણો અને ભેદોના આધારે સ્ત્રી-પુરુષનાં વિભાજન કર્યાં છે. કઈ સ્ત્રી કયા પુરુષ માટે યોગ્ય ગણાય કે યોગ્ય ન ગણાય તેનું તર્કબધ્ધ જ્ઞાન કામસૂત્રમાં છે. નર-નારી બંને જીવનભર સુખી રહે, એકબીજાને રતિરાગનું સુખ આપી શકે, પોતાનું દાંપત્યજીવન મધુર બનાવી શકે તે અંગેનું માર્ગદર્શન ઋષિ વાત્સાયને કામસૂત્રમાં આપ્યું છે. વિશ્વને ભારતના ઋષિકાળની એક અદ્વિતીય ભેટ છે. આટલાં વર્ષો વિત્યાં છતાં કામસૂત્રની લોકપ્રિયતા વધતી જ રહી છે તે એની વિશ્વનીયતા અને વૈજ્ઞાનિક હોવાનો પુરાવો છે.

આજે પ્રેમને નામે આડેધડ બંધાતા, ગંધાતા કામસંબંધોથી સમાજ ચોંકી ગયો છે. સમાજશાસ્ત્રીઓ, કાનૂનના જાણકારો ભીતરથી હચમચી ગયા છે ત્યારે

> **નર-નારી બંને જીવનભર સુખી રહે, એકબીજાને રતિરાગનું સુખ આપી શકે, પોતાનું દાંપત્યજીવન મધુર બનાવી શકે તે અંગેનું માર્ગદર્શન ઋષિ વાત્સાયને કામસૂત્રમાં આપ્યું છે**

વાત્સાયનનું માર્ગદર્શન જ સુપરિણામો લાવી શકે તેમ છે. માણસના અસ્તિત્વનો મૂળ આધાર એક પેટની તૃપ્તિ અને બીજી કામની તૃપ્તિ છે. એ નક્કર હકીકત ન સ્વીકારીએ તો પણ સત્ય છે. પ્રસાર માધ્યમોનાં વધતાં જતાં આક્રમણો થકી અને સોશ્યલ મીડિયાના વધતા જતા પ્રભાવ થકી સમાજની અંદરની સ્થિતિ બેકાબૂ બની જાય એ દિવસો દૂર નથી. એના કારણે સમાજનું બંધારણ અને મૂલ્યોનાં ચીંથરાં ઊડી જવાના છે. એને કારણે બીજા પણ અનેક આડપ્રશ્નો ખડા થવાના છે. એના ઉકેલ કોઈ સમાજ કે સરકાર પાસે નહીં હોય. ચોફાળ માથે નાખીને રોવાનો વારો આવે તે પહેલાં દૃષ્ટિ બદલવાની જરૂર છે. આપણામાં સમજણ હશે તો આપણે ઋષિ વાત્સાયને લખેલા ગ્રંથનાં પાનાં ફેરવવા પડશે. તેમ થશે તો જ પરિસ્થિતિ નિયંત્રણમાં લાવી શકાશે.

હવેના સમયમાં ‘પડ્યું પાનું નભાવી જવું’ જેવા વિચારો કામ નહીં લાગે. મા-બાપ કે સમાજનું દબાણ કામ લાગવાનું નથી પણ વાત્સાયને સૂચવેલા નિયમો જ કામ લાગવાના છે. આવનારા સમયમાં ‘કામસૂત્ર’ જ સમાજને માર્ગદર્શન આપવાનું છે.

---

# અડધા લિટર પાણીની કિંમત રૂપિયા 400!

**આપણી આસપાસ**

★ મિત્તલ પટેલ

નેધરલૅન્ડમાં આજે લોકશાહી છે. લોકશાહી પહેલાં ત્યાં રાજાનું શાસન હતું. આજે રાજાશાહી નથી છતાં રાજાનું સ્થાન અકબંધ. ભારતના રાષ્ટ્રપતિ જેવો દરજ્જો, અલબત્ત તેનાથી થોડો ઊંચો દરજ્જો નેધરલૅન્ડના રાજાનો. લોકો પણ રાજાને ખૂબ ચાહે. આ ચાહતની પુષ્ટિ 28 એપ્રિલની આગલી રાતે થાય. એ રાત ‘કિંગ્સ નાઈટ’ તરીકે ઓળખાય. નેધરલૅન્ડના દરેક શહેરમાં હજારોની સંખ્યામાં લોકો ભેગા થાય અને આખી રાત સંગીત, નાચગાન સાથે ‘કિંગ્સ નાઈટ’ ઊજવે. આખી રાત સંગીતના તાલે ઝૂમ્યા પછી પાછા સવારે એટલે કે 28 એપ્રિલને સૌ ‘કિંગ્સ ડે’ તરીકે ઊજવે. ઠેર ઠેર મ્યુઝિક બૅન્ડ, કલાકરતબ ટૂંકમાં જેને જે આવડે તે ઉજવણીના ભાગરૂપે કરે. આ દિવસે ‘ગરાજ સેલ’ એટલે કે જેના ઘરમાં નકામી વસ્તુઓ પડી હોય તે વસ્તુઓ લઈને લોકો ઉજવણી થતી હોય તે ગલીઓમાં સસ્તા ભાવે વેચાણ કરે. ‘કિંગ્સ ડે’ જાહેર રજાનો દિવસ એટલે બધાં શહેરનાં બજાર બંધ. ગલીઓમાં લારી કે પથારામાં વસ્તુઓ વેચતા લોકો મળે. ટૂંકમાં જેની જેવી શક્તિ એવી ભક્તિ થકી રાજાના અવતરણદિવસની વધામણી સૌ વહેંચે.

અચાનક નેધરલૅન્ડના રાજાની વાત ક્યાંથી આવી? 2019માં ‘કિંગ્સ ડે’ વખતે યોગાનુયોગ હું નેધરલૅન્ડમાં હતી. પરિવાર સાથે અમે ટીલબર્ગની ગલીઓમાં ઉજવણી જોવા નીકળ્યાં. લગભગ બે કિલોમિટર ચાલ્યાં હશું. મારી દીકરીને તરસ લાગી. અમે લીધેલી પાણીની બોટલ ગાડીમાં જ રહી ગયેલી. આજુબાજુમાં પાણી માટે નજર દોડાવી. એક વેનમાં બેચાર જણ નાસ્તો બનાવી વેચી રહ્યા હતા. એમની પાસે પાણીની બોટલ હતી. મૌલિકે ત્યાંથી પાણીની બોટલ લીધી ને કેટલા પૈસા એવું પૂછ્યું. માલિકે પાંચ યુરો કહ્યા. મૌલિકે પાંચ યુરો આપ્યા પણ સાંભળવામાં કાંઈક ગરબડ થયાનું માની એણે ફરી કિંમત પૂછી. સામેથી કિંમત પાંચ યુરો જ કહી. કિઆરાને તરસ લાગી હતી એટલે બોટલ લીધા સિવાય છૂટકોય નહોતો. મૌલિકે આવીને મને બોટલની કિંમત કહી ત્યારે મને બહુ જ નવાઈ લાગી, અડધા લિટર



પાણીની બોટલના પાંચ યુરો! આપણા રૂપિયામાં ગણીએ તો 400 રૂપિયા થાય. આટલા રૂપિયામાં તો આપણે ત્યાં 40 બોટલ આવી જાય. વળી અહીંયાં તો પાણી હાથવેંતમાં.

> **અમારા ત્યાં બોટલમાં પાણી પીવું એ સાહ્યબી ગણાય ને સુખસાહ્યબી ભોગવવી હોય તો એની કિંમતેય ચૂકવવી પડે**

આપણે ત્યાં તો હજાર ફૂટે પાણી પહોંચી ગયાં પછી પણ પાણીની કિંમત પાણી જેવી જ છે. ત્યારે નેધરલૅન્ડમાં આટલાં બધાં મોંઘાં પાણીનું રહસ્ય મને તો કાંઈ સમજાયું નહીં.

અમારાં બહેન પારમિતા જેઓ નેધરલૅન્ડમાં રહે. તેમને મોંઘી બોટલનું રહસ્ય પૂછ્યું. એમણે કહ્યું,‘‘અમારા ત્યાં બોટલમાં પાણી પીવું એ સાહ્યબી ગણાય ને સુખસાહ્યબી ભોગવવી હોય તો એની કિંમતેય ચૂકવવી પડે.’’ ‘‘પણ, માની લો કે મારે બોટલ ખરીદવી જ નથી, તો પછી અહીંયાં પાણીની પરબોય હોવી જોઈએ ને? એ તો ક્યાંય દેખાતી નથી? લોકો કામથી બહાર નીકળ્યા હોય ને મારી જેમ બોટલ ભૂલી ગયા હોય ને બોટલ ખરીદવી ન હોય તો પીવાનું પાણી એને ક્યાંથી મળે?’’

‘‘જરૂર પૂરતું પાણી લઈને નીકળવાની અમારા ત્યાં સૌને આદત. આમ હાથ ઉલાળતા ઘરેથી નીકળી ન પડે છતાં લીધેલી બોટલ ખાલી થઈ જાય તો અમારા ત્યાં જાહેર શૌચાલય હોય ત્યાં હાથ ધોવાનાં બેસિન મૂકેલાં હોય, તેમાં ચોખ્ખું પાણી જ આવતું હોય એટલે લોકો જરૂરિયાત મુજબ ત્યાંથી ભરી લે. અલબત્ત અમારા ટોયલેટમાં પણ પાણી ચોખ્ખું અને પીવાલાયક જ આવે. આપણા દેશની જેમ વાપરવાનું ને પીવાનું પાણી જુદું એવું નેધરલૅન્ડમાં નથી.’’ સાંભળીને આહ અને વાહ બંને બોલાઈ ગયેલું. નેધરલૅન્ડ રહી તેટલા દિવસ રોજે રોજ કોઈ ને કોઈ વાતે એ દેશના વખાણ થઈ જ જતા. પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટે ને લોકો પાણીનો ઉપયોગ જાળવીને કરે તેવો આશય મોંઘુંદાટ પાણી વેચવા પાછળનો. આપણે ત્યાં પાણી પાઉચમાં કે બોટલોમાં નહીં જેવા મૂલ્યે મળે. વળી પાછા એ પાણીનાં પાઉચ કે પ્લાસ્ટિકની બોટલ ખાલી થતાં લોકો રસ્તામાં ગમે ત્યાં ફેંકી દે. પરિણામે પર્યાવરણને નુકસાન પણ ઘણું થાય. કેટલાય પર્યાવરણવિદો અને સરકાર પણ પ્લાસ્ટિક વાપરવાને લઈને ઘણું લખે, કહે, પણ આપણે સુધરવાનું નામ જ નથી લેતા. જો કે ટોયલેટમાંથી પીવાનું પાણી ભરી લેવાની વાત સાંભળીને પહેલાં તો મારા નાકનું ટેરવું ચડી ગયેલું. મૂળ આપણા શૌચાલયની દશા ને એના નળમાં આવતું પાણી! તમેય કલ્પના કરવા માંડ્યા ને? મજબૂરી વગર એમાં બેસવાનુંયે આપણે ટાળીએ ને બેસિન તો હાથ ધોવાનુંયે મન ન થાય એવાં હોય. આવા ગંદકીથી ભરેલા શૌચાલયના બેસિનમાંથી પાણી લેવાનો વિચાર હજાર વાર મથીએ તોય આપણું મન કબૂલ ન કરે. આપણે ત્યાં જાહેર શૌચાલયની દેખરેખ માટે માણસો બેસાડ્યા એટલે દશા કાંઈક સુધરી બાકી સ્વયં સફાઈ રાખવાની સમજણ તો ક્યાંથી લાવવી? નાનપણમાં બનેલી ઘટના યાદ આવી. અમારા દૂરના એક કાકા અમેરિકાથી આવેલા. એમના પિતા વરસો પહેલાં ત્યાં સ્થાયી થયેલા. કાકાનો જન્મ પણ ત્યાં જ થયેલો. કાકાને ભારત માટે ઘણો લગાવ એટલે એ સમયાંતરે ભારત આવતા રહે. કાકા કોઈના ઘરે જાય ને લોકો એમને પીવાનું પાણી આપે કે કાકા તુરત ‘મિનરલ છે?’ એવું પૂછે. કાકા કહેતા, ‘‘મિનરલ સિવાયનું પાણી મને માફક નથી આવતું.’’ કાકાની આ વાતે સૌ એમને વેદિયા કહેતા. એક વખત કાકાને ગાંધીનગરમાં રહેતા અમારા કુંટુબી કાકાના ઘરે જમવાનું નિમંત્રણ મળ્યું. ગાંધીનગરવાળા કાકા પૈસેટકે ખૂબ સુખી.

‘‘અમારા ત્યાં મિનરલ વૉટર જ વપરાય છે એટલે તમારી બોટલમાંથી પાણી ન પીવો તો ચાલશે’’ એવું ગાંધીનગરવાળા કાકાએ અમેરિકાવાળા કાકાને પાણી આપતાં કહેલું. અમેરિકાવાળા કાકા ત્યાં જમ્યા અને નીકળતાં પહેલાં અડધી ખાલી બોટલ ભરવા ઊભા થઈને ટોયલેટ-બાથરૂમની બહાર બનાવેલા બેસિન તરફ ગયા. ત્યાંથી એમણે બોટલ ભરી. બધાએ આ જોયું, પણ કોઈ કશું બોલ્યું નહીં. ગાંધીનગરવાળાં કાકી તો એકદમ ધીમેથી બોલ્યાં, ‘‘ભલે ભર્યું બહુ હોંશિયારી મારે છે તે એ જ દાવના છે. આખો દાડો મિનરલ વૉટર, મિનરલ વૉટર કર્યા કરે છે તે કે’શો જ નહીં કે ત્યાંથી પાણી ન ભરાય.’’ એ વખતે અમારા કુટુંબમાં આ બનાવની ખૂબ ચર્ચા ચાલેલી ને જ્યાં પણ આ વાત થાય ત્યાં સૌ પેટ પકડીને હસતા. એ વખતે હું હાઈસ્કૂલમાં ભણું. આ બધું સાંભળીને મનેય ખૂબ હસવું આવતું. નેધરલૅન્ડની પાણીવ્યવસ્થા સમજ્યા પછી કાકાએ બેસિનમાંથી પાણી કેમ ભરેલું એ મને 25 વર્ષ બાદ 2019માં સમજાયેલું.